રાષ્ટ્રીય શાયર શ્રીઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજ્યંતીની ઉજવણી કરવામાં આવી, જેમાં તા.૨૮/૦૮/૨૦૨૧ ના રોજ કૉલેજ કક્ષાએ અને ૦૧/૦૯/૨૦૨૧ના રોજ યુનિ. કક્ષાએ કૉલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં નીચે મુજબના વિદ્યાર્થીઓ કૉલેજ કક્ષાએ વિજેતા જાહેર થયા હતા. વિજેતા થયેલા વિદ્યાર્થીઓના નામો - (૧) કંસારા દિવ્યા એસ. – T.Y.B.Com - પ્રથમ નંબર, (૨) પટેલ જીગીશા એસ. – T.Y.B.A - દ્વિતીય નંબર, (૩) કુરિન રાધિકા આર. – S.Y.B.Com ગૃપ – તૃતીય નંબર, ઉપરાંત પટેલ ક્રિષ્ના એસ., પટેલ તનુજા જે, લાડ રાજવી પી, પટેલ પ્રિયંકા એસ,બાસિદા નમેરાએ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

## તા.૨૪/૦૮/૨૦૨૧ - વીર નર્મદ ૧૮૮મી જન્મ જયંતિ








**ગુજરાતી વિભાગ અંતર્ગત વીર નર્મદ જન્મ જયંતિની ઉજવણી કરી રહેલા સંસ્થાના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબ, ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ.મીનાક્ષીબેન, જમનાબેન, જયશ્રીબેન તથા અન્ય સ્ટાફગણ અને વિદ્યાર્થી મિત્રો**

## તા.૨૮/૦૮/૨૦૨૧ – ઝવેરચંદ મેઘાણી ૧૨૫મી જન્મ જયંતિ








ગુજરાતી વિભાગ અંતર્ગત ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતિની ઉજવણી કરી રહેલા ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ.મીનાક્ષીબેન, જમનાબેન, જયશ્રીબેન તથા અન્ય સ્ટાફગણ અને વિદ્યાર્થી મિત્રો.

## ૧૦.૨.૩. હિન્દી વિભાગનો અહેવાલ શૈ.વર્ષ : ૨૦૨૧-૨૨

પ્રા.ડૉ.મનિષાબેન આર. જોગીયા,
અધ્યક્ષ હિન્દી વિભાગ

"हिन्दी मेरी भाषा है, हिन्दी मेरी आशा है"

રાજભાષા હિન્દી સંસારની સૌથી વધારે બોલનારી ભાષામાંથી એક છે. જેની લિપિ દેવનાગરી છે. કાશ્મીર થી લઈ કન્યાકુમારી અને જગન્નાથપુરી થી દ્વારકા સુધી આ ભાષા ફેલાયેલી છે , જેનું કારણ તેની સહજતા અને માધુર્ય છે.

" हिन्दी हमारी आन, बान, और शान है,
हिन्दी हमारी वर्तनी, हिन्दी हमारा व्याकरण,
हिन्दी मे सूर, तुलसी, मीरा की तान है,
हिन्दी हमारी अस्मिता, हिन्दी हमारा मान है "

હિન્દી ભાષાનું વ્યાકરણ પણ સરળ છે, જેને સમજવું અત્યંત આસાન છે. માનવીય વિચારો ને ભાષાનાં રૂપમાં પ્રકટ કરવા માટે હિન્દી પાસે પર્યાપ્ત માત્રા માં શબ્દો છે. આ સમ્માનનીય ભાષા આપની પુંજી છે, તેનું જતન કરવું એ આપણી નૈતિક ફરજ છે.

૧૪ સપ્ટેમ્બર નાં દિવસે સંવિધાન સભાના નિર્ણય મુજબ હિન્દી ને રાજભાષા બનાવવામાં આવી. જેથી દર વર્ષે આ દિવસને ' હિન્દી દિવસ ' તરીકે ઉજવવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય સ્તર પર પણ આ ભાષાનું અનેરું મહત્વ છે. આ ભાષા સંસ્કૃતિ ની સંવાહક છે, દેશનું ગૌરવ અને દેશની પહેચાન છે , હિન્દી હિન્દુસ્તાન નો તાજ છે . તેમના પ્રત્યે આપણો પ્રેમ પ્રકટ કરવો એ આપણું કર્તવ્ય છે, એકતા ની કડી એવી આ ભાષા નું મહત્વ દિન - પ્રતિદિન વધતું રહે એ આપણી જવાબદારી છે .

વિદ્યાર્થીઓ આ રાજભાષાના મહત્વ ને સમજે તે માટે કોલેજ કક્ષાએ આચાર્યશ્રીનાં અધ્યક્ષપણા હેઠળ હિન્દી વિભાગ દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

૧૪/૦૯/૨૦૨૧નાં રોજ 'હિન્દી દિન'ની ઉજવણી આચાર્યશ્રીનાં માર્ગદર્શન હેઠળ ઉત્સાહભેર કરવામાં આવી હતી. વિદ્યાર્થી નેતા શ્રી હરિકૃષ્ણ પટેલ, દમયંતી પટેલ, અનિતા પટેલ કે જેમણે સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવ્યો. ' હિન્દી દિન' નાં ઉપક્રમે ૧૪/૦૯/૨૧ થી ૧૮/૦૯/૨૧ સુધી હિન્દી વિભાગ અંતર્ગત ઓનલાઈન પ્રશ્નોતરી સ્પર્ધા નું આયોજન કરેલ છે. તેમજ ઓફલાઈન વ્યાખ્યાનનું પણ આયોજન કરાયું હતું.

"एक डोर मे सबको जो है बांधती वह हिन्दी है"

# તા.૧૪/૦૯/૨૦૨૧ – હિન્દી દિવસ








હિન્દી વિભાગ અંતર્ગત હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી, આ પ્રસંગે પ્રા.ડૉ.દીપેશ કામળી સાહેબના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું, જેમાં તેઓએ પી.પી.ટી. પ્રેઝન્ટેશન દ્વારા હિન્દીના મહત્વ અંગે ઉમદા વિચારો રજૂ કર્યા હતા.

# ૧૦.૨.૪. સંસ્કૃત વિભાગનો અહેવાલ શૈ.વર્ષ : ૨૦૨૧-૨૨

પ્રા. યોગેશકુમાર એન. ટંડેલ (સંસ્કૃત વિભાગાધ્યક્ષ)

વિશ્વની સૌથી પ્રાચીનતમ ભાષા સંસ્કૃત છે. સ્વયં બ્રહ્મા તથા દેવોની ઉત્પત્તિની સાથે જ સંસ્કૃત ભાષાની પણ ઉત્પત્તિ થઇ હતી. તેથી જ તો તેને દેવવાણી અર્થાત્ દેવોની ભાષા પણ કહેવાય છે. વિશ્વનો સૌ પ્રથમ ગ્રંથ ઋગ્વેદ સંસ્કૃતમાં રચાયો હતો. બધા જ વેદોની મૂળ ભાષા સંસ્કૃત છે. ત્યાર બાદ રચાયેલ બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો, વેદાંગો, રામાયણ, મહાભારત પુરાણો આદિ ગ્રંથો પણ મૂળ સંસ્કૃતમાં જ છે, જેનું જ્ઞાન માનવીને કૃતકૃત્ય કરે છે. વિશ્વનું બધું જ સાહિત્ય સંસ્કૃતમાં જોવા મળે છે. ધર્મશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, આયુર્વેદશાસ્ત્ર આદિ સમસ્ત શાસ્ત્રોના મૂળ સંસ્કૃતમાં જોવા મળે છે. સંસ્કૃત માટે કહેવાયું છે કે,

'भाषासु मधुरा मुख्या दिव्या गीर्वाणभारती ।'

સંસ્કૃત ભાષા સરળ, મધુર, સુંદર, ભવ્ય, લાલિત્યપૂર્ણ અને લાઘવથી યુક્ત છે. વિશ્વના સમસ્ત ભાષાઓના સંમ્મેલનોમાં સંસ્કૃત ભાષા આજે ઉન્નત મસ્તકે પોતાની વિજયપતાકા લહેરાવી શકે છે. કેટલાક અજ્ઞાનીઓ સંસ્કૃતને મૃત ભાષા કહે છે, જે તેઓની જ મૂર્ખતાને સાબિત કરે છે.

'भाषासु मधुरा मुख्या दिव्या गीर्वाणभारती ।'

વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાનું મહત્વ સમજે તથા તેઓના જ્ઞાનમાં વધારો થાય અને વધુને વધુ વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષામાં અભિરુચિ ધરાવે તેમજ કોરોના મહામારીના દિવસો દરમ્યાન પોતાના સમયનો સદુપયોગ કરી શકે એ હેતુસર અત્રેની કૉલેજ દ્વારા સંસ્કૃત વિભાગ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

૧. તા.૨૫/૦૬/૨૦૨૧ નાં રોજ શ્રીસોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ અને સંસ્કૃત ભારતી નવસારીના સંયુક્ત ઉપક્રમે આયોજિત "સંસ્કૃત વિષયમાં રોજગારીની તકો" અંગે નવસારી જિલ્લાની તમામ કૉલેજો માટે ઓનલાઇન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં નવસારી જિલ્લાની તમામ કૉલેજોના કુલ ૧૩૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી અત્રેની કૉલેજના સંસ્કૃત વિષયના ૪૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

૨. તા.૧૮/૦૮/૨૦૨૧ ના રોજ સંસ્કૃત સપ્તાહ નિમિત્તે સંસ્કૃત વિભાગ અંતર્ગત 'સંસ્કૃત સુલેખન સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૧૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો,

જેમાંથી અંજલી પટેલ પ્રથમ ક્રમે, મહેશ્વરી પટેલ દ્વિતીય ક્રમે અને સ્નેહા ગાયકવાડ તૃતીય ક્રમે ઉભરી આવ્યા હતા.

૩. તા.૧૯/૦૮/૨૦૨૧ નાં રોજ સંસ્કૃત સપ્તાહ નિમિત્તે સંસ્કૃત વિભાગ અંતર્ગત 'સંસ્કૃત શબ્દાર્થ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો, જેમાંથી હેતલ પટેલ પ્રથમ ક્રમે, હેતવી આહિર દ્વિતીય ક્રમે અને શિવાની સવિતા તૃતીય ક્રમે ઉભરી આવ્યા હતા.

૪. તા.૨૦/૦૮/૨૦૨૧ ના રોજ સંસ્કૃત સપ્તાહ નિમિત્તે સંસ્કૃત વિભાગ અંતર્ગત 'ઓનલાઈન સંસ્કૃત શ્લોકગાન, સાહિત્ય વાંચન'નું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૮ વિદ્યાર્થીઓ અને ૨ અધ્યાપકોએ ભાગ લીધો, આ કાર્યક્રમમાં સંસ્કૃતમાં શ્લોકો તથા સાહિત્યનું ઓનલાઈનના માધ્યમથી વાંચન કરવામાં આવ્યું.

૫. તા.૨૧/૦૮/૨૦૨૧ ના રોજ સંસ્કૃત સપ્તાહ નિમિત્તે સંસ્કૃત વિભાગ અંતર્ગત 'સંસ્કૃત પ્રશ્નોત્તરી સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો, જેમની ૪ ટીમ બનાવવામાં આવી હતી, જેમાંથી ટીમ દંડીનો પ્રથમ ક્રમ, ટીમ ભવભૂતિનો દ્વિતીય ક્રમ અને ટીમ ભાસનો તૃતીય ક્રમ આવ્યો હતો.

૬. તા.૨૩/૦૮/૨૦૨૧ ના રોજ સંસ્કૃત સપ્તાહ નિમિત્તે સંસ્કૃત વિભાગ અંતર્ગત 'સંસ્કૃત નિબંધ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો, જેમાંથી મહેશ્વરી પટેલ પ્રથમ ક્રમે, અંજલી પતેલ દ્વિતીય ક્રમે અને હેતલ પતેલ તૃતીય ક્રમે ઉભરી આવ્યા હતા.


૭. તા.૨૪/૦૮/૨૦૨૧ ના રોજ સંસ્કૃત સપ્તાહ નિમિત્તે સંસ્કૃત વિભાગ અંતર્ગત 'શ્રીમદ્‌ભગવદ્‌ગીતા પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ ૧૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. આ કાર્યક્રમમાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના ચાર અધ્યાયોનું પારાયણ કરવામાં આવ્યું હતું.

૮. તા.૨૫/૦૮/૨૦૨૧ ના રોજ સંસ્કૃત સપ્તાહ નિમિત્તે સંસ્કૃત વિભાગ અને લાઈબ્રેરી વિભાગના સંયુક્ત ઉપક્રમે 'સંસ્કૃત પુસ્તક પ્રદર્શન'નું આયોજન કરવામાં આવ્યું, જેમાં કૉલેજના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબ, અન્ય સ્ટાફગણ તથા આર્ટ્સ અને કોમર્સ વિભાગના તમામ વિદ્યાર્થીઓએ પુસ્તકોનું અવલોકન કર્યું હતું. તેમજ સંસ્કૃત વિભાગના અધ્યક્ષ યોગેશ ટંડેલ તથા ચેતના પટેલે તમામ વિદ્યાર્થીઓને પુસ્તકો અંગે માહિતગાર કર્યા હતા.

૯. તા.૦૭/૦૩/૨૦૨૨ ના રોજ શ્રીસોમનાથ સંસ્કૃત યુનિ., વેરાવળથી પધારેલ મહેમાન અશ્વિનભાઈ તથા વી.એસ.પટેલ બીલીમોરા કૉલેજના સંસ્કૃત વિષયના અધ્યક્ષા ડૉ. રંજનબેન દેસાઈના અધ્યક્ષપણા હેઠળ સંસ્કૃતનું મહત્વ અને સંસ્કૃતમાં રોજગારીની તકો અંગે વ્યાખ્યાનનું

આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજના તમામ વિષયના વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો.

## તા.૨૫/૦૬/૨૦૨૧ - "સંસ્કૃત વિષયમાં રોજગારીની તકો" અંગે ઓનલાઇન કાર્યક્રમ




**શ્રીસોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ અને સંસ્કૃત ભારતી નવસારીના સંયુક્ત ઉપક્રમે આયોજિત "સંસ્કૃત વિષયમાં રોજગારીની તકો" અંગે નવસારી જિલ્લાની તમામ કૉલેજો માટે ઓનલાઇન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં નવસારી જિલ્લાની તમામ કૉલેજોના કુલ ૧૩૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી અત્રેની કૉલેજના સંસ્કૃત વિષયના ૪૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.**

## તા.૧૮/૦૮/૨૦૨૧ - સંસ્કૃત સપ્તાહ અંતર્ગત 'સંસ્કૃત સુલેખન સ્પર્ધા'









સંસ્કૃત સપ્તાહ નિમિત્તે સંસ્કૃત વિભાગ અંતર્ગત 'સંસ્કૃત સુલેખન સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૧૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો, જેમાંથી અંજલી પટેલ પ્રથમ ક્રમે, મહેશ્વરી પટેલ દ્વિતીય ક્રમે અને સ્નેહા ગાયકવાડ તૃતીય ક્રમે ઉભરી આવ્યા હતા.

## તા.૧૯/૦૮/૨૦૨૧ - સંસ્કૃત સપ્તાહ અંતર્ગત 'સંસ્કૃત શબ્દાર્થ સ્પર્ધા'



સંસ્કૃત સપ્તાહ નિમિત્તે સંસ્કૃત વિભાગ અંતર્ગત 'સંસ્કૃત શબ્દાર્થ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો, જેમાંથી હેતલ પટેલ પ્રથમ ક્રમે, હેતવી આહિર દ્વિતીય ક્રમે અને શિવાની સવિતા તૃતીય ક્રમે ઉભરી આવ્યા હતા.

## તા.૨૦/૦૮/૨૦૨૧ - સંસ્કૃત સપ્તાહ અંતર્ગત 'ઓનલાઈન સંસ્કૃત શ્લોકગાન, સાહિત્ય વાંચન'



સંસ્કૃત સપ્તાહ નિમિત્તે સંસ્કૃત વિભાગ અંતર્ગત 'ઓનલાઈન સંસ્કૃત શ્લોકગાન, સાહિત્ય વાંચન'નું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૮ વિદ્યાર્થીઓ અને ૨ અધ્યાપકોએ ભાગ લીધો, આ કાર્યક્રમમાં સંસ્કૃતમાં શ્લોકો તથા સાહિત્યનું ઓનલાઈનના માધ્યમથી વાંચન કરવામાં આવ્યું.

## તા.૨૧/૦૮/૨૦૨૧ - સંસ્કૃત સપ્તાહ અંતર્ગત 'સંસ્કૃત પ્રશ્નોત્તરી સ્પર્ધા'













સંસ્કૃત સપ્તાહ નિમિત્તે સંસ્કૃત વિભાગ અંતર્ગત 'સંસ્કૃત પ્રશ્નોત્તરી સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો, જેમની ૪ ટીમ બનાવવામાં આવી હતી, જેમાંથી ટીમ દંડીનો પ્રથમ ક્રમ, ટીમ ભવભૂતિનો દ્વિતીય ક્રમ અને ટીમ ભાસનો તૃતીય ક્રમ આવ્યો હતો.

## તા.૨૩/૦૮/૨૦૨૧ - સંસ્કૃત સપ્તાહ અંતર્ગત 'સંસ્કૃત નિબંધ સ્પર્ધા'








સંસ્કૃત સપ્તાહ નિમિત્તે સંસ્કૃત વિભાગ અંતર્ગત 'સંસ્કૃત નિબંધ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો, જેમાંથી મહેશ્વરી પટેલ પ્રથમ ક્રમે, અંજલી પટેલ દ્વિતીય ક્રમે અને હેતલ પટેલ તૃતીય ક્રમે ઉભરી આવ્યા હતા.

## તા.૨૪/૦૮/૨૦૨૧ -સંસ્કૃત સપ્તાહ અંતર્ગત 'શ્રીમદ્દ્ભગવદ્દ્ગીતા પારાયણ'








સંસ્કૃત સપ્તાહ નિમિત્તે સંસ્કૃત વિભાગ અંતર્ગત 'શ્રીમદ્દ્ભગવદ્દ્ગીતા પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ ૧૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. આ કાર્યક્રમમાં શ્રીમદ્દ્ભગવદ્દ્ગીતાના ચાર અધ્યાયોનું પારાયણ કરવામાં આવ્યું હતું.

## તા.૨૫/૦૮/૨૦૨૧ - સંસ્કૃત સપ્તાહ અંતર્ગત 'સંસ્કૃત પુસ્તક પ્રદર્શન'








સંસ્કૃત સપ્તાહ નિમિત્તે સંસ્કૃત વિભાગ અને લાઈબ્રેરી વિભાગના સંયુક્ત ઉપક્રમે 'સંસ્કૃત પુસ્તક પ્રદર્શન'નું આયોજન કરવામાં આવ્યું, જેમાં કૉલેજના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબ, અન્ય સ્ટાફગણ તથા આર્ટ્સ અને કોમર્સ વિભાગના તમામ વિદ્યાર્થીઓએ પુસ્તકોનું અવલોકન કર્યું હતું. તેમજ સંસ્કૃત વિભાગના અધ્યક્ષ યોગેશ ટંડેલ તથા ચેતના પટેલે તમામ વિદ્યાર્થીઓને પુસ્તકો અંગે માહિતગાર કર્યા હતા.

## તા.૦૭/૦૩/૨૨ - સંસ્કૃતનું મહત્વ અને સંસ્કૃતમાં રોજગારીની તકો








શ્રીસોમનાથ સંસ્કૃત યુનિ., વેરાવળથી પધારેલ મહેમાન અશ્વિનભાઈ તથા વી.એસ.પટેલ બીલીમોરા કૉલેજના સંસ્કૃત વિષયના અધ્યક્ષા ડૉ. રંજનબેન દેસાઈના અધ્યક્ષપણા હેઠળ સંસ્કૃતનું મહત્વ અને સંસ્કૃતમાં રોજગારીની તકો અંગે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજના તમામ વિષયના વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો.